**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૮/૦૨/૨૦૧૬ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી ૪૫ વ્યક્તિઓને ઝડપી ૮૨ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૧ મોટર સાયકલ, ૧ ઓટોરિક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૦,૯૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૭૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનઃ-** **સમાચાર યાદી નં.૨૭૧/૧૬**

**દાણીલીમડાઃ** મેહુલભાઈ બાબુલાલ ચૌહાણ (રહે.મહેશપાર્ક સોસાયટી પંચવટી સોસાયટી પાસે અંબેડકર ચોક પાસે દાણીલીમડા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૨/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે આરોપી (૧) કમલેશ અમરતભાઈ લેઉવા (રહે.મહેશપાર્ક સોસાયટી દાણીલીમડા) અને જીમી તથા પ્રશાંત નાઓએ મેહુલભાઈના પિતાના પાનના ગલ્લા નજીક દારૂની થેલીઓ નાખતા બોલાચાલી ઝગડો થયો હતો. ત્યારબાદ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે ઝગડાની અદાવત રાખી મેહુલભાઈના ઘર પાસે મહેશપાર્ક સોસાયટી નજીક ત્રણેય આરોપીઓએ ભેગા મળી મેહુલભાઈના ભાઈ હીરેન સાથે બોલાચાલી ઝગડો કરી ગડદાપાટુનો માર મારી કમલેશ લેઉવાએ છરી વડે પીઠના ભાગે ઘા માર્યો હતો. ઈજાગ્રસ્ત હિરેનને સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.જ્યાં તા.૮/૨/૧૬ કલાક ૧/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ હિરેનને મૃત જાહેર કર્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી એમ કે રાણા ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે દાણીલીમડા પોલીસે ત્રણેય આરોપીઓને અટક કરી વધુ તપાસ હાથ ધરી છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૭૨/૧૬**

**આનંદનગરઃ** ચિંતનભાઈ બકુલભાઈ ગણાત્રા (રહે.શિખર ટાવર રીડીયો મિર્ચી રોડ આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૨/૧૬ સાંજના ૭/૩૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને કેમેરો મળી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એફ એ પારઘી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૩/૧૬</u>**

**સેટેલાઈટઃ** રમાબહેન કાંતીભાઈ મારૂ (ઉ.વ.૪૮) (રહે.મંગલદીપ ફ્લેટ જોધપુર ગામ સેટેલાઈટ) તા.૭/૨/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે જોધપુર ગામ રોડ જયમાલા રેસ્ટોરન્ટ સામે વિવેકાનંદ સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રમાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમાબહેન સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી સી બી જાડેજા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૭૪/૧૬</u>**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** પુજાબહેન રામચંદ્ર ગોયર (ઉ.વ.૨૫) (રહે.ડૉ.આંબેડકર સફાઈ કામદાર આવાસ મોહનભાઈ પાર્ક નિકોલ ) એ કોઈ કારણસર તા.૭/૨/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા હનુમાન કેમ્પ સામે દશામાના મંદિર નજીક સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી વી બલદાણીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)